અપીલ અરજી નં.૩૭ તા.૨૭–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ઉમેશ બલીરામ અરાટે
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઉમેશ બલીરામ અરાટેની તા.૧૫–૨–૧૦ની અરજીથી પ્રેમનગર ભેદવાડના સરનામે આવેલ ઝુપડા નં.૯૧૧ કે જેને સુ.મ.પા.ના એસેસમેન્ટ અને રીકવરી વિભાગ ધ્વારા ૨૮એ–૯૧–૨૯૧૧–૦–૦૦૧ નંબર આપવામાંઆવેલ છે. અને સદર ટેનામેન્ટ નંબર પર લેન્ડ શ્રી હિરાલાલ ચુનીલાલ ખાટીવાલા તથા કબજેદાર તરીકે શ્રીઉમેશ બલીરામ અરાટેનું નામ મહાનગરપાલીકાના દફતરે ચાલુ છે. પરંતુ અમારી બાજુમાં આવેલ ઝુપડું કે જેમાં મોહનસિંહ ભગવાનસિંહ નાઓ નો કબ્જો છે. અને હાલમાં પણ તેઓ બાજુનાં ઝુપડામાં રહે છે. તેમ છતાં અમારા વેરા બીલમાં એટલે કે ટેના.નં.૨૮એ–૯૧–૨૯૧૧–૦–૦૦૧માં મોહનસિંહનું નામ કબ્જેદાર તરીકે દાખલ કરવામાં આવેલ છે. તો અમારા સદર ટેનામેન્ટમાં મોહનસિંહ ભગવાનસિંહ નું નામ કઈરીતે અને કયા દસ્તાવેજી પુરાવાને આધારે અને કાયદાની કઈ પ્રક્રિયા અનુસરી તેનું નામ દાખલ કરવામાં આવેલ છે. તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૭–૪–૧૦ ની **SMC/FAP/** નં.૩૭/૨૦૧૦–૧૧

શ્રી ઉમેશ બલીરામ અરાટેની તા.૧૫–૨–૧૦ની અરજી બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી નિયત સમય મર્યાદામાં માહિતી નહીં મળવાના પ્રત્યુત્તરથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૭ તા.૧૩–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી ના તા.૧૬–૩–૧૦ના પત્ર મુજબ ફી ભરી માહિતી મેળવેલ કે કેમ? તે અંગે સ્પષ્ટતા કરવા જણાવવામાં આવે છે. વધુમાં તેમના દાવા અનુસાર સદર ટેનામેન્ટ નંબર તેમનો હોવા અંગેના જે કોઈ પણ સુમપાના અધિકૃત આધાર પુરાવા તેઓ કક્ષાએ હોય તેની નકલ અત્રે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ/૩૩૪ તા.૨૧–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ , તા.૨૦–૨–૦૭ ની પેનલ્ટીની નોટીસની નકલ, નોંધ વિભાગ તથા અરજદારની તા.૭–૧–૧૦ ની અરજી સંદર્ભે અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/ ૧૮૪૬ તા. ૩–૨–૧૦ ના પત્રની નકલ તથા યુપીસી કર્યાના પુરાવાની નકલ, અરજદારને માહિતી મેળવવા અંગે પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૧૩૪ તા.૧૬–૩–૧૦ ના પત્રની નકલ, સુધારેલ પત્રકની નકલ અત્રેના વિભાગને મળેલ છે. અરજદાર તરફથી અપીલ તબકકે તક આપવા છતાં પણ જાહેર માહિતી અધિકારીએ જણાવ્યા મુજબની માહિતી મેળવ્યા અંગેની વિગતો તથા સદર ટેનામેન્ટ અંગેના તેમના દાવના સમર્થનમાં કોઈ પુરાવા રજૂ કરેલ નથી.

અરજદારની તા.૧૫–૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૧૩૪ તા.૧૬–૩–૧૦ થી અરજદારને માંગેલ માહિતી અને દસ્તાવેજ નકલ માટે રૂા.૨/– જમા કરવાનું ફરમાવવામાં આવેલ. આ રકમ સાઉનઝોન (ઉધના) ના સીવીક સેન્ટરમાં જમા કરાવ્યા પછી જરૂરી માહિતી અને દસ્તાવેજોની નકલો મેળલી લેવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૨૭–૪–૧૦ ના રોજ ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળ્યો નથી તેવું અપીલ અરજીમાં કબ્જેદાર તરીકે અન્ય વ્યકિતનું નામ કઈ રીતે દાખલ કરવામાં આવેલ છે તેની માહિતી અંગેની દાદ માંગવામાં આવેલ છે. પરંતુ તે બાબતે અરજદારને અપીલ તબકકે આરટીઆઈ સેલ/૨૦૭ તા.૧૩–૫–૧૦ થી પાઠવેલ પત્ર સંદર્ભે અરજદારે માહિતી મેળવેલ છે કે કેમ તથા ટેનામેન્ટ સંદર્ભે કરેલા દાવાના સમર્થનમાં કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીએ તા.૨૧–૫–૧૦ ના રોજ આપેલ પૂરક વિગતોમાં અરજદારે માહિતી મેળવેલ નથી તેવું જણાવેલ છે. પરંતુ અરજદારની તા.૧૫–૨–૧૦ ની અરજીમાં ટેના નં.૨૮એ–૯૧–૨૯૧૧–૦–૦૦૧ માં મોહનસિંહનું નામ કબ્જેદાર તરીકે દાખલ કરવામાં આવેલ તે કઈ રીતે અને દસ્તાવેજી પુરાવાના આધારે અને કાયદાની કઈ પ્રક્રિયાને અનુસરી તેનું નામ દાખલ કરવામાં આવેલ છે તેની માહિતી અને દસ્તાવેજી પુરાવા માંગવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ તા.૧૬–૩–૧૦ થી પત્ર લખી માહિતી અંગે ફી ભરવા જણાવેલ છે. પરંતુ તે પત્ર જાહેર માહિતી અધિકારીએ સમય મર્યાદા બાદ લખેલ હોય તે માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે પૂરી પાડવાની રહે. જયારે કબ્જેદારને નામ દાખલ થયા બાબતે અરજદારે અગાઉની તા.૭–૧–૧૦ ની અરજીના સંદર્ભ પૂરક વિગતોમાં જણાવેલ છે. પરંતુ અરજદારને હયાત અરજી સંદર્ભે તે વિગતો જણાવેલ જણાતી નથી. આરટીઆઈ કાયદાની કલમ–૬(૧) હેઠળ પ્રત્યેક અરજી સ્વતંત્ર હોય સ્વતંત્ર માહિતી પૂરી પાડવાની રહે. જાહેર માહિતી અધિકારીનો અગાઉ માહિતી આપેલ છે તે પ્રત્યુત્તર કાયદાની જોગવાઈ તથા ભાવના સાથે સુસંગત નથી. અરજદારે વિવાદનો કોઈ ઉલ્લેખ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારે તા.૧૫–૨–૧૦ ની  અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારીએ ઉધનાઝોને તેમના તા.૧૬–૩–૧૦ ના પત્રના સંદર્ભે  નહીં પૂરી પાડેલ માહિતી  આરટીઆઈ એકટની કલમ –૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ  પૂરી પાડવા  કાર્યપાલક ઈજનેર  અને  જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ :      –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ..જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી ઉમેશ બલીરામ અરાટે